પંચાયત સેવા હેઠળ ફરજ બજાવતા ટેકનીકલ કર્મચારીઓ, રોડ કારકુન, સિંચાઈ કારકુન, મિસ્ત્રી, ટેકનીકલ આસીસ્ટન્ટ, વર્ક આસીસ્ટન્ટ, સબ ઓવરસીયર, ઓવરસીયર, અ.મ.ઈ.ને સુધારેલ પગાર ધોરણ ૨૦૦૯ અન્વયે કાયમી મુસાફરી ભથ્થુ (P.T.A.) મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : પકમ–૧૦૯૭–૧૫૦–ડ (પા.ફા.)
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૬–૧૦–૨૦૧૫

**વંચાણે લીધા :–**

(૧) નાણાં વિભાગનો પરિપત્ર ક્રમાંક : મસભ / ૧૪૨૦૦૦ / ૧૮૦૯ / ચ તા.૨૬–૯–૨૦૦૦

(૨) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક : પકમ / ૧૦૯૭ / ૧૫૦ / ડ તા.૮–૩–૨૦૦૧

(૩) નાણાં વિભાગના જાહેરનામા ક્રમાંક : (જીએન–૮) પીજીઆર / ૧૦૦૯ / ૨ પે–સેલ (એમ) તા.૨૭–૨–૨૦૦૯

(૪) વિકાસ કમિશનરશ્રીની કચેરીનો તા.૧૩–૮–૨૦૧૫ ના પત્ર ક્રમાંક : વિક / મકમ / જન / ૪ / વશી / ૨૦૬૭ / ૨૦૧૫

**પ્રસ્તાવના :–**

પંચાયત સેવા હેઠળ ફરજ બજાવતા ટેકનીકલ કર્મચારીઓ જેવા કે સિંચાઈ કારકુન, રોડ કારકુન, મિસ્ત્રી, ટેકનીકલ આસીસ્ટન્ટ, સબ ઓવરશીયર, વર્ક આસીસ્ટન્ટ, ઓવરશીયર, અધિક મદદનીશ ઈજનેરને હાલ કાયમી મુસાફરી ભથ્થુ આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક–૨ ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ હતું.

ઉપરોક્ત કર્મચારીઓને કે જેઓને ક્ષેત્રીય કામગીરી કરવાની ફરજના ભાગરૂપે કાયમી મુસાફરી કરવી પડતી હોય અને આવા ખર્ચને પહોંચી વળવા પ્રવર્તમાન મોંઘવારીને ધ્યાને લઈ કાયમી મુસાફરી ભથ્થાના દરોમાં સુધારો કરવા વિકાસ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર ધ્વારા વંચાણે લીધેલ ક્રમાંક–૪ થી વિભાગને દરખાસ્ત કરેલ છે. વિકાસ કમિશનરશ્રીની કચેરી,

ગાંધીનગરની કાયમી મુસાફરી ભથ્થાના દરમાં સુધારો કરવાની બાબત સક્રિય વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ :-</u>

સદરહુ બાબતે કાળજીભરી પુખ્ત વિચારણાના અંતે પંચાયત વિભાગ હેઠળ ફરજ બજાવતા ઉપર્યુકત નિર્દિષ્ઠ સંવર્ગોને નીચેની વિગતો ધ્યાને લીધા બાદ હાલના કાયમી મુસાફરી ભથ્થાના દરો નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ ચોકકસ શરતોને આધીન આથી નિયત કરવામાં આવે છે.

(A) નિયત કરવામાં આવેલ એક માસના પ્રવાસના દિવસોની સંખ્યા

(B) પ્રવાસ કરવાના સરેરાશ માસિક માઈલેજ

(C) જે તે સમયે પ્રવર્તમાન દૈનિક ભથ્થાનો દર

(D) જે તે સમયે પ્રવર્તમાન માઈલેજ ભથ્થાનો દર

| **સંવર્ગનું નામ** | **૮–૩–૨૦૦૧ ના ઠરાવ મુજબના દર** | **આ ઠરાવથી સુધારેલ દર** |
|---|---|---|
| રોડ કારકુન, સિંચાઈ કારકુન, મિસ્ત્રી, (વર્કઆસીસ્ટન્ટ) સબ ઓવરસીયર, ટેકનીકલ આસીસ્ટન્ટ | ૧૦૮૦/ રૂ. પ્રતિ માસ | ૨૯૭૦/ રૂ.પ્રતિ માસ |
| અ.મ.ઈ. / ઓવરસીયર | ૧૦૧૯/રૂ.પ્રતિ માસ | ૨૪૭૭/ રૂ.પ્રતિ માસ |

<u>શરતો :-</u>

(૧) ઉપર જણાવેલ કાયમી મુસાફરી ભથ્થુ જે સંવર્ગો માટે નિયત થયેલ મુસાફરીના દિવસોમાં ફેરફાર થાય તો તેના પ્રમાણમાં ફેરફાર થવાને પાત્ર રહે છે.

(૨) નાણાં વિભાગના વંચાણે લીધેલ ઠરાવ / પરિપત્રની સૂચના / જોગવાઈઓ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૩) આ ઠરાવ..................અમલમાં આવેલ છે.

(૪) આ કાયમી મુસાફરી ભથ્થાના સુધારેલ દરો નાણાં વિભાગની ચકાસણીને આધીન રહેશે.

(૫) કાયમી મુસાફરી ભથ્થાના સુધારેલ દરોમાં કોઈ કારણે વિભાગે મંજુર કરેલ દરમાં ઘટાડો થતો હોય તો વધારાની ચૂકવાયેલ રકમ વસુલાતને પાત્ર રહેશે.

(૬) પંચાયત વિભાગ હેઠળ મદદનીશ ઈજનેર સંવર્ગ ના હોઈ તે સંવર્ગને લાગુ પડશે નહી.

(૭) પંચાયત વિભાગના તા.૮-૩-૨૦૦૧ અને મા.મ.વિ.ના તા.૧૬-૯-૨૦૧૦ ના ઠરાવ વંચાણે લેતા દરખાસ્તમાં જણાવેલ ટેકનીકલ કર્મચારીઓ સિવાયના અન્ય ટેકનીકલ કર્મચારીઓને પી.ટી.એ. મળવાપાત્ર થશે નહી.

આ ઠરાવ આમુખ-૧ માં દર્શાવેલ નાણાં વિભાગના તા.૨૬-૯-૨૦૦૦ ના પરિપત્રથી વિભાગને મળેલ સત્તાના અનુસંધાને બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ. એમ. શેખ)
સંયુકત સચિવ,
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- અગ્રસચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, પંચાયતનું કાર્યાલય, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશનરશ્રી, વિકાસ કમિશનરશ્રીની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એ.જી. રાજકોટ/અમદાવાદ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ / ગાંધીનગર.
- માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નર્મદા અને જળસંપતિ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગની સર્વે શાખાઓ.
- સીસ્ટમ મેનેજરશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર આ ઠરાવ વેબસાઈટ પર મૂકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઈલ.